**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૬.૫ ડીગ્રી
લઘુતમ : ૧૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૬ ટકા ● સાંજે ૨૩ ટકા

# સીસીટીવીથી સજ્જ પાટનગરમાં હીટ એન્ડ રન

## સે-૨૪ ચોકડી નજીક પલ્સર બાઈકને ટકકર મારી બોલેરો ચાલક ફરાર : પલ્સર ચાલક યુવાનનું ઘટના સ્થળે મૃત્યુ

ગાંધીનગર, તા.૨૦

પાટનગર ગાંધીનગર સીસીટીવી કેમેરાથી સજ્જ ટીવી છે. ૨૩૦થી વધુ સીસીટીવી કેમેરા સ્માર્ટસીટી અને સુરક્ષા સેતુ પ્રોજેકટ અંતર્ગત પાટનગરના માર્ગો પર લગાડવામાં આવ્યા છે. શહેરના મોટા ભાગનો વિસ્તાર કેમેરામાં કેદ થતો હોવા છતાં પાટનગરમાં હીટ એન્ડ રનનો બનાવ બનવા પામ્યો છે. સે-૨૪ચોકડી નજીક પલ્સર બાઈકને અડફેટે લઈ અજાણ્યો બોલેરો ચાલક ફરાર થઈ ગયો હતો. આ બોલેરો ચાલક હજુ પોલીસ સકંજામાં આવ્યો નથી. સે-૨૧ પોલીસે પલ્સર બાઈક ચાલક સે-૨નાં યુવાનનો મૃતદેહ પીએમ કરાવી મૃતકના ભાઈ દિનેશભાઈની ફરિયાદ લઈ આરોપી સુધી પહોંચવા સીસીટીવી કેમેરા ચકાસણી શરુ કરી છે.

શહેરના સેકટર-૨-બી પ્લોટ નં. ૪૫૧/૨ ખાતે રહેતો ૨૧ વર્ષીય યુવાન અરવિંદ ધરમશીભાઈ પટણી તેના ભાઈના પ્રિન્ટીંગ પ્રેસમાં કામ કરતો હતો. આજે અરવિંદ પટણી પ્રેસમાં નોકરી કરતા તેના સહકર્મીનું પલ્સર બાઈક લઈને બપોરે નીકળ્યો હતો. ઈન્ફોસીટી જઈને બાઈક પર સવા બાર વાગ્યાની આસપાસ અરવિંદ સે-૨૪ ચોકડી નજીક પહોંચ્યો હતો. બેફામ ગતિએ આવેલી કોઈ બોલેરો જીપે પલ્સર બાઈકને જબરદસ્ત ટકકર મારતા બાઈક સાથે અરવિંદ ફંગોળાઈને રસ્તા વચ્ચે પટકાયો હતો. અકસ્માત સર્જીને બોલેરો સાથે ચાલક પળવારમાં રફફુચકકર થઈ ગયો હતો. આ અકસ્માતમાં અરવિંદનું ગંભીર ઈજાઓને પગલે કરૂણ મૃત્યુ બનાવ સ્થળે જ નિપજયું હતું. સે-૨૧ પોલીસે મૃતકના ભાઈ દિનેશ પટણીની ફરિયાદ આધારે અજાણ્યા બોલેરો ચાલક સામે ગુનો દાખલ કરી પીએસઆઈ વસાવાએ આરોપી સુધી પહોંચવા ચક્રો ગતિમાન કર્યા છે.





## આઈ લવ માય ગાંધીનગર



**ગણેશભાઈ પોપટભાઈ પટેલ**
ટ્રસ્ટી, સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા

**ગાંધીનગર ગમે**
દરેક પ્રકારનું ઈશ્વરીય વાતાવરણ દરેક સુવિધા યુક્ત શહેર ખૂબ જ ગમે છે.

**નગરજનો**
દરેક ધર્મ, અસંખ્ય ભાષા, દરેક જ્ઞાતિનાં લોકો, કુટુંબ ભાવનાથી જીવે છે. તેઓનાં સાથે જીવવાથી પરમાનંદ મળે છે.


**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
પરિવાર ભાવથી, નામ, હોદ્દાએ અપેક્ષા વગરનું સંગઠન સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ગાંધીનગરનું ઋણ ચૂકવવા સતત સેવાકીય પ્રવૃત્તિ થકી પ્રયત્નશીલ છે. જેનાથી ખૂબ પ્રભાવિત છું. ૨૪ કલાક ઍમ્બ્યુલન્સ, શબવાહિની સેવા, નિઃશુલ્ક આરોગ્યનાં સાધનો, ગરીબોને દવા અને ઑપરેશનોના સતત પૈસા આપતી રહેતી અલગારી સંસ્થા જુસિકાને વંદન કરું છું.

**નગરને બહેતર બનાવવા**
સ્વચ્છતા અને પર્યાવરણની જાળવણી તથા જુસિકાની પ્રવૃત્તિમાં લોકોને જોડવા પ્રયત્નશીલ છું.

**નગર માટે હું કરી શકું**
હું અને મારો સૌરાષ્ટ્ર પરિવાર નગરની સેવાને સમર્પિત છીએ. મુક્તિધામના વિકાસ માટે હું પ્રયત્નશીલ છું.

# સે-૬ના એક મકાનમાં ગેસ ચાલુ કરવા જતા આગ ભભુકી

## ઘરવખરીનો સામાન સળગ્યો : ફાયર બ્રિગેડની ટીમે આગ કાબુમાં લીધી





ગાંધીનગર, તા.૨૦

શહેરના સેકટર-૬ ખાતે આજે સવારે સાડા છ વાગ્યાના અરસામાં એક મકાનમાં ગેસ સ્ટવ ચાલુ કરવા જતા આગ ભભુકી હોવાની ઘટના બનવા પામી હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડને કોલ મળતા કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લઈ લીધી હતી.

પ્રાપ્ત વિગત મુજબ સેકટર-૬-એ પ્લોટ નં. ૪૪૭/૧ ખાતે રહેતા અમૃતલાલ આર. પટેલના મકાનમાં રસોડામાં આજે વહેલી સવારે આગ લાગતા નાસભાગ મચી જવા પામી હતી. સવારે રસોડામાં ગેસ સ્ટવ ચાલુ કરવા જતા અચાનક રેગ્યુલેટરમાંથી આગ લાગતા ઘટના સર્જાઈ હતી. ઘટના અંગે સવારે સાડા છ વાગ્યાના અરસામાં ગાંધીનગર ફાયરબ્રિગેડને કોલ મળતા ફાયર ઓફીસર મહેશ મોડ તેમની ટીમ સાથે સ્થળ પર દોડી ગયા હતા અને પાણીનો મારો ચલાવી મકાનમાં પ્રસરી રહેલી આગને કાબુમાં લઈ લીધી હતી. આ ઘટનામાં ઘરમાં રાખેલો ઘરવખરીનો સામાન સળગી જવા પામ્યો હતો. સદનસીબે આ આગ ઘટનામાં કોઈ જાનહાની કે ઈજા થવા પામી ન હતી. ગેસ પાઈપ કે રેગ્યુલેટર લીકેજ હોવાથી આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન ફાયરબ્રગેડના અધિકારી દ્વારા લગાવવામાં આવ્યું છે.

# ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમના કર્મચારીઓએ સાતમા પગાર પંચના અમલ બાબતે સૂત્રોચ્ચાર કર્યા

ગાંધીનગર, તા.૨૦

રાજય સરકારના કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ સરકાર તરફથી આપી દેવાયો છે જયારે સરકારી સાહસો/બોર્ડ નિગમના કર્મચારીઓને હજુ સુધી લાભ મળ્યો નથી. જેને અનુલક્ષી બોર્ડ નિગમના હજારો કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠયો છે. આજે ગુજરાત રાજય બોર્ડ/નિગમ કર્મચારી મહામંડળ દ્વારા આપવામાં આવેલ એલાનના સમર્થનમાં ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમના કર્મચારીઓએ બપોરે ૨થી ૨.૩૦ કલાક દરમિયાન સુત્રોચ્ચાર કર્યા હતા અને નિગમ હસ્તકની મહેસાણા, વડોદરા અને અમદાવાદ ખાતેની ક્ષેત્રિય કચેરીઓમાં પણ સૂત્રોચ્ચારનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો

નાગરિકોની સુખાકારી માટેના અમલીકરણ માટે વિવિધ બોર્ડ/નિગમની સ્થાપના કરવામાં આવી છે. મોટા ભાગના બોર્ડ/નિગમના અધિકારી-કર્મચારીઓ છઠ્ઠા પગાર પંચનો લાભ મેળવી રહ્યા છે ત્યારે સાતમા પગાર પંચનો લાભ પણ રાજય સરકાર તરફથી ઝડપથી મળે તેની ચાતક નજરે કર્મચારીઓ/અધિકારીઓ રાહ જોઈને બેઠા છે. પરંતુ સરકાર બેવડી નિતી અપનાવી કર્મચારીઓને અન્યાય કરી રહી છે. જેને પગલે કર્મચારીઓમાં રોષ જોવા મળી રહ્યો છે ત્યારે આજે બોર્ડ/નિગમની કચેરી ખાતે રિસેષના સમયે કાળી પટ્ટી ધારણ કરીને સાતમા પગાર પંચ મુદ્દે સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા જેમાં કચેરીના કર્મચારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતાં.




## વાતવાતમાં

● શહેરમાં પાટનગર યોજના ભવન ખાતે પાણી-ગટર વેરાના બિલો ઉઘરાવવાનું કાર્ય ચાલુ છે . એક તરફ સ્માર્ટ સીટી બનાવા કમર કસી રહેલા પાટનગરમાં આ વેરાના બિલો તો કોમ્પ્યુટરાઈઝડ મોકલવામાં આવે છે પરંતુ તેની પહોંચ હજુ પણ મેન્યુલ પધ્ધતિથી બનાવતા નાગરિકોના સમયનો વેડફાટ થવા સાથે રોષની લાગણી ફેલાઈ રહી છે.

## આજે ટાઉનહોલ ખાતે 'અલખ ધણીની ખોજમાં રહેવું રે...' કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૦

'દાન અલગારી'ના હુલામણા નામથી જાણીતા અને લોક સાહિત્યના મર્મજ્ઞ એવા સ્વ. કવિ તખતદાન ગઢવીની સ્મૃતિમાં શ્રધ્ધાસુમન અર્પવાનો એક જાહેર કાર્યક્રમ 'અલખ ધણીની ખોજમાં રહેવું રે...' (લોક ડાયરો) ટાઉન હોલ, સે-૧૭, ગાંધીનગર ખાતે તા. ૨૧-૩-૨૦૧૭ (મંગળવાર) રાત્રે ૯.૦૦ કલાકે કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા લોક સાહિત્ય પરિવાર ગાંધીનગર દ્વારા ગાંધીનગરના સાહિત્ય રસિક નગરજનોને અનુરોધ કરવામાં આવે છે.

આ કાર્યક્રમમાં ભારત સરકારના રાજયમંત્રી પુરુષોત્તમભાઈ રૂપાલા, પૂર્વ નાણાં મંત્રી બાબુભાઈ મેઘજી શાહ અને પુર્વ ધારાસભ્ય જયંતિભાઈ ભાનુશાળી ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમનું સંચાલન યુવા લોક સાહિત્યકાર ડૉ. રણજીત વાંક કરશે તેમ લોક સાહિત્ય પરિવારના કન્વીનર નરહરદાન ગઢવીએ જણાવ્યું છે.

# આર.ટી.ઈ.ના પ્રવેશ ફોર્મ ઓન લાઈન ફોર્મ ફિલીંગ તારીખ લંબાવવા શિક્ષણ મંત્રી સમક્ષ રજુઆત

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત રાજયમાં રાઈટ ટુ એજયુકેશન (આર.ટી.ઈ.) અંતર્ગત ખાનગી શાળાઓમાં દરેક વિદ્યાર્થીઓ માટે ૨૫ ટકા બેઠકો અનામત રાખવાની હોય છે. એક બાજુ જેના પ્રવેશ ફોર્મ ઓનલાઈન ફિલીંગ કરવાની તારીખ ૧૫-૩-૨૦૧૭ અને ફોર્મ સ્વિકારવાની છેલ્લી તા. ૨૦-૩-૨૦૧૭ રાખવામાં આવી હતી. ઓન લાઈન ફોર્મ ફિલીંગ તારીખ ૨૧ તારીખથી શરૂ થઈ હતી. જે સોફટવેર ખરાબ હોવાના કારણે તા. ૨૩ ફેબ્રુઆરીથી ફોર્મ ફિલીંગ કરવાની શરૂઆત થઈ હતી. ત્યારબાદ અવારનવાર સાઈટ અપડેટ કરવાના કારણે જાહેર જનતા ફોર્મ ભરવાથી વંચિત રહી છે. તા. ૧૪-૩-૨૦૧૭થી આર.ટી.ઈ.ની સાઈટ સારી રીતે અપડેટ થઈ હતી અને લોકોએ ફોર્મ ભરવાનું ચાલુ કર્યું હતું અને ફોર્મ ભરવાની છેલ્લી તા. ૧૫-૩-૨૦૧૭ હોવાના કારણે વાલીઓ ફોર્મ ભરી શકયા નહીં એટલું જ નહીં તા. ૧૧, ૧૨, ૧૩ જાહેર રજા હોવાથી રીસીવિંગ સેન્ટર પર ફોર્મ સ્વિકારવામાં રજાઓ હતી તેમજ બીપીએલ કાર્ડ મેન્ડેટરી હોવાથી પણ લોકો ફોર્મ ભરવાથી વંચિત રહ્યા હતા. બીજી બાજુ આવકના દાખલા તેમજ અનામત જાતિના દાખલા કઢાવવામાં પણ અસહ્ય તકલીપ ઉભી થઈ હોવાથી પણ ફોર્મ ભરવાથી વાલીઓ વંચિત રહ્યા છે. ગરીબ બાળકોના વ્યાપક હિતમાં સત્વરે ઓન લાઈન ફોર્મ ફિલીંગની તારીખ લંબાવવા અંગે શિક્ષણ મંત્રી તથા પ્રાથમિક નિયામક સમક્ષ ઓલ ગુજરાત ફેડરેશનના પ્રમુખ જયોર્જ ડાયસ અને યશ ચૌધરી દ્વારા રજુઆત કરાઈ છે.

# ગાંધીનગરમાં સરકારી વિજ્ઞાન કોલેજમાં રોજગાર મેળાનું આયોજન

ગાંધીનગર, તા.૨૦

છેલ્લા છ સાત વર્ષથી ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ઊચ્ચ શિક્ષણ ક્ષેત્રે ઘણા બધા કાર્યક્રમો કરવામાં આવ્યા છે. જે પૈકી ઊચ્ચ શિક્ષણ એનરોલમેન્ટ રેશિયો વધે, શિક્ષણમાં ગુણવત્તા વધે તે માટે સતત કામગીરી કરી રહ્યુ છે. ચાલુ વર્ષમાં વિજ્ઞાન, વિનિયન, વાણિજ્ય અને ઈજનેરી વિદ્યાશાખાઓમાં છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ડિગ્રી મેળવે તે પહેલા નોકરી મેળવે તેવા સુંદર હેતુથી શિક્ષણ વિભાગ દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે. સરકારી વિજ્ઞાન કોલેજ, સેકટર ૧૫, ગાંધીનગરના વિજ્ઞાનશાખાના વિદ્યાર્થીઓને રોજગાર મળે મળે તેવા હેતુથી માનનીય કલેકટરશ્રી ગાંધીનગરની સુચના અનુસાર ગાંધીનગરમાં જુદી જુદી ઈન્ડસ્ટ્રી અને જુદા જુદા ક્ષેત્રોમાં આશરે ૫૦૦ જેટલી જગ્યાઓ માટે કેમ્પસ ઈન્ટર્વ્યુંનું તા. ૨૨/૩/૨૦૧૭ના રોજ આયોજન આવ્યુ છે.

સરકારી વિજ્ઞાન કોલેજ, સેકટર ૧૫, ગાંધીનગરમાં આ રોજગાર મેળામાં અત્રેની સંસ્થાના ચાલુ વર્ષ ૨૦૧૬-૧૭ ના વિદ્યાર્થીઓ તેમજ બે વર્ષના ભુતપુર્વ નોકરી વાંચ્છુક વિદ્યાર્થીઓ પણ ભાગ લઈ શકશે . આ ભરતી મેળાનું આયોજન કરતા આચાર્યશ્રીએ જણાવ્યું કે શૈક્ષણિક સંસ્થાઓનો રોલ ફકત વિદ્યાર્થીઓને ડીગ્રી આપવાનો જ નહી પરંતુ વિદ્યાર્થીઓને તેમની પસંદગી મુજબના વ્યવસાય દ્વારા વિદ્યાર્થી તેનું યોગદાન દેશના આર્થિક વિકાસ માટે પણ કરે તે માટે માર્ગદર્શન પાડવાનું પણ છે. આ મેળાનો સૌ કોઈ ભરપુર લાભ લે તે માટે તમામ વિદ્યાર્થીઓને અપીલ કરવામાં આવી છે. રોજગાર મેળામાં ભાગ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓને કોલેજ કેમ્પસમાં સવારે ૧૦.૦૦ કલાકથી નિયત પ્રમાણપત્રો સાથે હાજર રહી રજીસ્ટ્રેશન કરાવવા જણાવવામાં આવે છે.

## હોસ્પિટલની લીફટમાં દર્દીઓ અને સગાઓ ફસાતા પોલીસને કોલ કર્યો..!

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લીફટ પણ ડચકા ખાંઈને માંડ દિવસો પસાર કરે છે. નવી ઈમારતમાં આવેલ લીફટમાં પણ પાણી ભરાવાને પગલે ગમે ત્યારે બંધ થાય અને ગમે ત્યારે કાર્યરત રહે તેવી સ્થિતિ ઉદ્ભવી છે. ત્યારે રવિવારના રોજ આઠમાળની ઈમારતમાં આવેલ એક લીફટમાં દર્દીઓ અને સગાઓ બેસીને નીચે આવી રહ્યા હતા તે દરમિયાન ટેકનીકલ ખામીને કારણે લીફટ અચાનક બંધ થઈ ગઈ હતી. લીફટ બંધ થઈ તે સમયે તેમાં ૧૦ થી વધુ દર્દી તેમજ સગાઓ હાજર રહ્યા હતા. લીફટ અચાનક ખોટવાતા તમામ નાગરીકો અચંબામાં પડી ગયા હતા. અને રવિવારની રજા હોવાથી શું થશે તેની ચિંતામાં અને ગભરાહટમાં પોલીસ અને ૧૦૮ને જાણ કરી હતી. ત્યારબાદ પોલીસે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ તંત્રનો સંપર્ક કરીને જાણ કરી હતી. ત્યારબાદ લીફટના કર્મચારીઓ આવી પહોંચ્યા હતા. અને લીફટ કાર્યરત કરી દેતા તમામ નાગરીકો સહી સલામત રીતે નીચે આવી જતા હાશકારો અનુભવ્યો હતો. પરંતુ જે નાગરીકો હોસ્પિટલની લીફટમાં ફસાયા છે તે બીજીવાર લીફટમાં બેસવાનો અનુભવ નહી કરે તેમ કહેતા જણાયા હતા.જયારે લીફટમાં ફસાયેલા નાગરીકોને ધ્યાને લઈ અન્ય નાગરીકોએ પણ સડસડાટ સીડીની વાટ પકડી લીધી હતી.

## ચિરવિદાય

- સ્વ. કાન્તીજી પ્રતાપજી સોલંકી, ઉ.વ. ૫૦
- સ્વ. નરસિંહજી ગણેશજી વણઝારા, ઉ.વ. ૭૨
- સ્વ. ભીખાભાઈ ગોવિંદભાઈ પટેલ, ઉ.વ. ૭૩
- સ્વ. શાંતિલાલ મોતીલાલ શાહ, ઉ.વ. ૭૬

# માત્ર ૨ કલાકમાં ૧ હજાર 'ચકલીઘર'નું વિતરણ..!!

## રાજુભાઈ મકવાણાની આગેવાની હેઠળ હેપ્પી યુથ કલબ દ્વારા વિશ્વ ચકલી દિવસે ચકલીઘર વિતરણ કાર્યક્રમને પ્રોત્સાહક પ્રતિસાદ

ગાંધીનગર, તા.૨૦


આજે વિશ્વ ચકલી દિવસ નિમિત્તે શહેરના સેકટર-૧૬ ખાતે હેપ્પી યુથ કલબ દ્વારા આયોજિત 'હેપ્પી સ્પેરો વિક'ના પ્રથમ દિવસે ચકલીઘરનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રોજેકટ કો-ઓર્ડિનેટર રાજુભાઈ મકવાણા સહિત સમગ્ર ટીમ દ્વારા ૧ હજાર ચકલીઘરનું વિતરણ કરાયું હતું. આ કાર્યક્રમને એટલો બધો પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડયો હતો કે માત્ર ૨ જ કલાકમાં તમામ ચકલીઘરનું વિતરણ થઈ જવા પામ્યું હતું.



માર્ચ-એપ્રિલ માસાની સીઝન ચકલીઓ માટે માળો કરી ઈંડા મુકવાની સીઝન છે. આ સીઝન દરમિયાન ચકલી યુગલ સલામત જગ્યા શોધી માળો બાંધે છે. છેલ્લા કેટલાક વર્ષોથી મોબાઈલ ટાવરના સિગ્નલ્સ તથા અન્ય કારણોસર ચકલી માનવ વસવાટથી દૂર થઈ રહી હોવાનું પ્રતિત થઈ રહ્યું છે. આ સંજોગોમાં ચકલી તથા તેના જેવા અન્ય નાના-મધ્યમ કદના પક્ષીઓને નવજીવન બક્ષવા તેમના માટે સલામત વસવાટ માટે 'વિશ્વ ચકલી દિવસ' તા.૨૦ માર્ચે ઉજવામાં આવે છે. ગાંધીનગરમાં રાજુભાઈ મકવાણાની આગેવાની હેઠળ હેપ્પી યુથ કલબ દ્વારા 'હેપ્પી સ્પેરો વીક' ઉજવાઈ રહ્યું છે.

આજે તેના પ્રથમ દિવસે ૧ હજાર ચકલીઘરનું વિના મૂલ્યે વિતરણ કરાયું હતું. આ પ્રસંગે વોર્ડ નં. ૭ના કોર્પોરેટર રાકેશભાઈ પટેલ તથા વોર્ડ નં. ૧ના કોર્પોરેટર હર્ષાબા ધાંધલ સહિત સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજની અગ્રણી મહિલાઓ તથા મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ચકલી દિવસે જ ચકલીનું આગમન...!





વિશ્વ ચકલી દિવસે જ ચકલી માટે મુકાયેલા ચકલીઘરમાં ચકલી માળો કરે તેનાથી વધુ રૂડું શું હોય? ગાંધીનગરમાં વર્ષોથી પક્ષી ઘર તથા પક્ષી પરબનું વિતરણ કરતા પક્ષી પ્રેમી નરેન્દ્ર રાવલે આજે ઘરમાં નવું પક્ષી ઘર લગાડયું હતું. આ ઉપરાંત જુના પક્ષી ઘરનું પણ તેમણે રિનોવેશન કરી ફરી લગાડયું હતું. આજે લગાડાયેલા પક્ષી ઘરમાં થોડીક જ વારમાં ચકલીએ ગૃહપ્રવેશ કરતા જ તેમના હૃદયે આનંદ રેલાયો હતો. જાણે ચકલી રાહ જ જોઈને જ બેઠી હતી. નરેન્દ્ર રાવલના ઘરે ચકલીઓની સંભાળ એટલા જતનથી લેવાય છે કે ૨૦થી વધુ ચકલીઓ તો નિયમિત નિવાસ કરે છે અને અહીં જ તેમના માળામાં બચ્ચાં મુકે છે. આજે બે માળામાં બચ્ચાઓએ આંખ ઉઘાડી પાંખો પસારી મુકત રીતે ગગન વિહાર પણ કર્યો હતો. આ ઘટના સાથે જ તેમના પ્રયત્નો અને ચકલી દિવસ બંને સાર્થક થઈ ગયા.